**નામદાર કોર્ટમાં પોલીસ ખાતાને સંબંધિત કેસોમાં (સિવિલ/ક્રિમિનલ/જામીન/ આગોતરા જામીન) તપાસ કરનાર અધિકારીશ્રીએ નિયત મુદત્તે હાજર રહેવા બાબત**

# ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ફા.ક્ર.પરચ/૧૦૨૦૧૯/૩૧૬૯/ડ

સચિવાલય, ગાંધીનગર

તા. ૦૯/૦૫/૨૦૧૯

સંદર્ભ: (૧) ગૃહ વિભાગનો તા.૧૧/૦૪/૨૦૧૧ નો પરિપત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૧૧/ કોર્ટ-૪૫/ડ

**પરિપત્ર**

નામદાર કોર્ટમાં પોલીસ ખાતાને સંબંધિત કેસોની સુનાવણી દરમિયાન સરકાર પક્ષે સરકારી વકીલશ્રી નિયત મુદત્તે નામદાર કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતા હોય છે તથા જે તે કેસમાં સંબંધિત તપાસ કરનાર અધિકારીશ્રીને નિયત મુદત્તે નામદાર કોર્ટ સમક્ષ ઉપસ્થિત રહેવાની જાણ સરકારી વકીલશ્રીના કાર્યાલય દ્વારા પોલીસ સ્ટેશન, ગુના રજીસ્ટર નંબર, જામીન અરજી કરનાર આક્ષેપિતનું નામ વિગેરે વિગતો સાથે કરવામાં આવે છે. જેથી સંબંધિત તપાસ અધિકારીશ્રી નિયત મુદતે નામદાર કોર્ટ સમક્ષ જરુરી તમામ કાગળો સહિત ઉપસ્થિત રહી શકે અને સરકારી વકીલશ્રીને કેસ માટે અગત્યની હોય તેવી માહિતી ઉપલબ્ધ કરાવી શકે. પરંતુ ઘણા કિસ્સાઓમાં એવી બાબત ધ્યાન પર આવેલ છે કે જેમાં નામદાર કોર્ટ દ્વારા આપવામાં આવતી સૂચનાઓ સંબંધિત તપાસ કરનાર અધિકારી સુધી સમયસર પહોંચાડવામાં આવતી નથી કે તપાસ કરનાર અધિકારીશ્રી પુરતી માહિતી સાથે આવતા નથી અથવા ઘણા કિસ્સાઓમાં સંબંધિત કેસની જાણકારી ન હોય તેવી કોઈ અન્ય વ્યક્તિને મોકલી આપવામાં આવે છે. વધુમાં કેસની મુદત્તે નામદાર કોર્ટમાં અનિવાર્ય સંજોગોસર હાજર રહી શકાય તેમ ન હોય તો તેની જાણ સરકારી વકીલશ્રીને કરવામાં આવતી નથી. જેને કારણે કોર્ટ કેસની કાર્યવાહી વિલંબમાં મુકાય છે. તેમજ આ કારણોસર સરકારી વકીલશ્રીને નામદાર કોર્ટ સમક્ષ સરકારનો પક્ષ રજુ કરવામાં ખુબ જ મુશ્કેલી પડે છે.

આ બાબતની ગંભીરતાને ધ્યાને લઈ ગૃહ વિભાગના સંદર્ભ (૧) માં ઉલ્લેખિત તારીખ ૧૧/૦૪/૨૦૧૧ ના પરિપત્રથી સૂચના આપવા છતા આવી બાબતો ધ્યાને આવેલ છે. આવી બાબતોનું પુનરાવર્તન ન થાય તે માટે પોલીસ ખાતાને સંબંધિત તમામ કોર્ટ કેસમાં સંબંધિત કેસની નિયત મુદત્તે કેસને સંબંધિત અધિકારીઓ/કર્મચારીઓ કેસને સંલગ્ન તમામ માહિતી/કાગળો સાથે નામદાર કોર્ટમાં હાજર રહે તે માટે નીચે મુજબની કાર્યપ્રણાલી અનુસરવાની સૂચના તમામ સંબંધિતોને આપવામાં આવે છે.

(૧) તમામ પ્રકારના કેસો (સિવિલ/ ક્રિમિનલ/જામીન/આગોતરા જામીન) કે જે કેસોમાં સરકારના સંબંધિત અધિકારીને પક્ષકાર બનાવવામાં આવ્યા હોય અને આ અરજીઓમાં સરકાર પક્ષે બચાવની કાર્યવાહી સરકારી વકીલશ્રી દ્વારા કરવામાં આવતી હોય તેવા તમામ કેસોમાં સરકારી વકીલશ્રીની કચેરી

તરફથી સુનાવણીની તારીખે નામદાર કોર્ટમાં ઉપસ્થિત રહેવા અંગેની જાણ કરવામાં આવે ત્યારે કેસના તપાસ અધિકારી કે તપાસ અધિકારીની ગેરહાજરીમાં તેમના ઉપરી અધિકારીએ જરૂરી માહિતી સાથે નિયત મુદત્તે નામદાર કોર્ટમાં રૂબરૂ હાજર રહી, સરકારી વકીલશ્રીને કેસની વિગતોથી અવગત કરાવવાના રહેશે.

(૨) સરકારી વકીલશ્રી દ્વારા કોર્ટ કેસની સુનાવણી અંગે જાણ કરવામાં આવે કે તુરત જ આ અંગેની જાણ સંબંધિત તપાસ અધિકારીને કરવામાં આવે તથા તેઓ નિયત મુદત્તે જરુરી માહિતી સાથે સરકારી વકીલશ્રીનો સંપર્ક કરે તે જોવાની જવાબદારી પોલીસ કમિશનરશ્રી/ પોલીસ અધીક્ષકશ્રી અથવા જે અધિકારીશ્રીને આ બાબતની જાણ પ્રથમ કરવામાં આવી હોય તેમની રહેશે.

(૩) કોર્ટ કેસની મુદતે અનિવાર્ય સંજોગોમાં હાજર ન રહી શકાય તેમ હોય તેમજ તેમના વતી સક્ષમ અધિકારી પણ હાજર રહી શકે તેમ ના હોય ત્યારે ગેરહાજર રહેવા અંગેનો રીપોર્ટ તાત્કાલિક સરકારી વકીલશ્રીને કરવાનો રહેશે.

(૪) નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા કોર્ટ કેસ બાબતે કોઈ ખાસ સૂચના આપવામાં આવી હોય તેવા કિસ્સાઓમાં ખાસ તકેદારી રાખવાની રહેશે.

(૫) ઉપર જણાવેલ આવા કિસ્સાઓમાં તપાસ અધિકારી કે જવાબદાર અધિકારી દ્વારા નિયત મુદત્તે હાજર રહેવામાં ચૂક કરવામાં આવશે તો તે અંગે સરકારી કામકાજ પ્રત્યે નિષ્ઠાનો અભાવ, બેજવાબદારી ગણી શિસ્ત વિષયક કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આશિષ વાળા)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

(૧) નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકારી વકીલશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ (સચિવશ્રી, કાયદા વિભાગ મારફત)
(૨) અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ) ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) સચિવશ્રી(ગૃહ) ના અંગત સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૪) સી.આઇ.ઓ., ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ગૃહ વિભાગની વેબસાઈટ ઉપર મુકવાની વિનંતી સહ.
(૫) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય , પોલીસ ભવન ગાંધીનગર તરફ પ્રસ્તુત પરિપત્ર તેઓશ્રીની કચેરીના તમામ અધિકારીશ્રીઓમાં પરિપત્રિત કરવાની વિનંતી સહ.
(૬) તમામ પોલીસ કમિશનરશ્રી/રેન્જ અધિકારીશ્રી/પોલીસ અધીક્ષકશ્રીઓ.
(૭) સર્વે અધિક સચિવ/નાયબ સચિવ/ઉપ સચિવ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૮) નાયબ સેક્શન અધિકારી સીલેક્ટ ફાઈલ/શાખા સીલેક્ટ ફાઈલ.